રાજ્યમાં મે-૨૦૨૧ દરમિયાન Tauktae વાવાઝોડાના કારણે અસરગ્રસ્ત થયેલ જિલ્લાઓમાં દસ એકર સુધીની જમીનમાં મીઠું પકવતા અગરિયાઓને નાણાકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : રહત-૧૦૨૦૨૧-યુ.ઓ.આર.-૧૨-ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: 17 JUN 2021

**વંચાણે લીધા:**

(૧) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીની તા.૧૬-૦૬-૨૦૨૧ ની ફાઈલ ક્રમાંક:ટીઈએક્ષ-૧૦૨૦૨૧-૨૫૬૮૩૯ પરની અવિધિસરની નોંધથી મળેલ દરખાસ્ત

**આમુખ:**

રાજ્યમાં Tauktae વાવાઝોડાના કારણે રાજ્યના અસરગ્રસ્ત અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લાઓમાં મીઠા ઉદ્યોગને થયેલ નુકશાનને ધ્યાને લઈ રાજ્યના અગરિયાઓને સત્વરે રાહત મંજૂર કરવામાં આવે તેવી રાજ્યના મીઠા ઉદ્યોગના વિવિધ એસોસિએશન દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ હતી. પ્રથમ તબક્કે, માન. મંત્રીશ્રી (મીઠા ઉદ્યોગ)ના અધ્યક્ષ સ્થાને એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં મીઠા ઉદ્યોગને થયેલ અંદાજિત નુકશાનીના સંબંધમાં વિગતવાર ચર્ચા કરવામાં આવેલ તથા તેને ધ્યાનમાં લઈને જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ટીમ દ્વારા જિલ્લાના મીઠાના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ એસોસીએશન સાથે મળીને સ્થળ મુલાકાત લઈ પ્રાથમિક ચકાસણી કરી અહેવાલ તૈયાર કરવામાં આવેલ હતો. માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કોર કમિટિ સમક્ષ પણ વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

Tauktae વાવાઝોડાના કારણે રાજ્યના અસરગ્રસ્ત થયેલ અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લાઓમાં દસ એકર સુધીની જમીનમાં મીઠું પકવતા અગરિયાઓને નાણાકીય સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી વિચારણાના અંતે, રાજ્યના અસરગ્રસ્ત અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લાઓમાં દસ એકર સુધીની જમીનમાં મીઠું પકવતા અગરિયાઓને એકર દીઠ રૂ.૩૦૦૦(ત્રણ હજાર) ની નાણાકીય સહાય આપવાનું ઠરાવે છે.

૧. આ નાણાકીય સહાય તા.૧૭.૦૫.૨૦૨૧ પહેલાં જિલ્લા શ્રમ આયુકતની કચેરી દ્વારા ઈસ્યુ થયેલ કક્ષા - ૧ નું અગરિયા ઓળખકાર્ડ ધરાવતાં દસ એકર સુધીની જમીનમાં મીઠું પકવતા અગરિયાઓ પુરતી સિમિત રહેશે.

૨. ઉપર મુજબ રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૦ એકર સુધીની જમીનમાં મીઠું પકવતાં અગરિયાઓને થયેલ નુકસાનીની છેવટની આકારણી અને નાણાકીય સહાય નક્કી કરવા અસર પામેલ વિસ્તારના (૧) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધ્યક્ષસ્થાને (૨) શ્રમ આયુક્ત કચરીના જે તે જિલ્લાના શ્રમ અધિકારી (ખેત) (૩) સંબંધિત મામલતદારશ્રી ની એક સમિતિ બનાવવાની રહેશે. સમિતિ દ્વારા આ અંગેની થયેલ નુકશાનીની અરજીઓની ચકાસણી કરી, નાણાકીય સહાય નિયત કરવાની રહેશે.

૩. આ ઠરાવના અમલીકરણ અંગે વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા અલગથી બહાર પાડવામાં આવશે.

**નાણાંકીય જોગવાઇ :**

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં નીચે જણાવેલ જોગવાઈ હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૪૯
મુખ્ય સદર : ૨૮૫૧ ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ
પેટા સદર : ૧૦૨(૧૩) કુદરતી આફતથી અસર પામેલ ઉદ્યોગોને નાણાકીય સહાય

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૬-૦૬-૨૦૨૧ તેમજ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ શાહ)
નાયબ સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,
(૧) *માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) માન.મંત્રીશ્રી(મીઠા ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૫) તમામ માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૬) તમામ માન.રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૭) માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
(૮) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૯) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૦) અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૧) સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૩) રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૪) ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર (સબંધિતોને જાણ કરવાની વિનંતી સહ)
(૧૫) એમએસએમઈ કમિશનરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
(૧૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
(૧૭) સર્વે શાખાઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૮) શાખા સિલેક્ટ ફાઈલ
(૧૯) કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ

*પત્ર દ્વારા